# મોડાસા શહેર સહિત જિલ્લાના એટીએમમાં નાણાં નથી

## બેંકોની વહિવટી નિષ્ફળતાના પાપે વેપારીઓથી માંડીને સામાન્ય લોકોને ભારે હાડમારી : વેપારી-રાજકીય : આગેવાનો પ્રજાની મદદે ક્યારે આવશે !

મોડાસા, તા. ૨૩ અરવલ્લી જિલ્લા સહિત દેશભરમાં નોટબંધીના કારણે કાળુ નાણુ બહાર આવવાની વાત તો દૂર રહી લોકોને તેમના હકના ધોળા નાણા પણ મેળવવામાં રીતસરના ફાંફા પડી રહ્યા છે. નોટબંધીને પાંચ મહિના થવા આવ્યા છ્તા અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેર સહિત જિલ્લાના મોટાભાગના એટીએમમાંથી રૂપિયા ન મળવાથી પ્રજા હેરાન થાય છે. વેપારી સંસ્થાઓ અને રાજકીય પક્ષો મોઢામાં મગ ભરીને બેસી ગયા છે. તો વહીવટીતંત્રના અધિકારીઓ સહિત બેંકના સત્તાધીશો પણ ચૂપ છે. અને પ્રજાને પરીશાની ભોગવવી પડે છે. મોડાસા શહેરના એટીએમ મશીનોના શટર તો ખુલ્લા પણ મશીનોમાં રૂપિયા ખલાસ.




બે મહિના પહેલા સરકાર અને રીઝર્વ બેંક ઓફ ઈન્ડીયાએ તમામ એટીએમમાંથી ૧૦ હજાર રૂપિયા સુધીની મોટી રકમ ઉપાડી શકાશે તેવી જાહેરાત કરી હતી. પરંતુ મોડાસા શહેર અને જિલ્લાના મોટાભાગના એટીએમમાં નાણાં પહોંચાડવામાં સરકાર સરેઆમ નિષ્ફળ ગઈ હોવાથી અત્યારે નાણાના અભાવે લોકો ખૂબજ હેરાન થઈ રહ્યા છે. મોડાસા નગરમાં આવેલા વિવિધ બેંકોના એટીએમ મશીનોમાં કેશ જ ન હોઈ એટીએમ કાર્ડ ધારકોને હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.




મોડાસા શહેરના બસસ્ટેન્ડમાં આવેલા સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયાના એટીએમ મશીનના શટર પડી જતા મુસાફરોને ખુબ જ મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. મોડાસા ચાર રસ્તા પર આવેલ ધી સાબરકાંઠા ડીસ્ટ્રીક સેન્ટ્રલ કો ઓપરેટીવ બેંકના એટીએમ મશીનના શટર અઠવાડીયાથી બંધ રહેતા ગ્રામ્ય વિસ્તારોમાં મહત્તમ પશુપાલકોના દૂધના પગાર આ બેંક એકાઉન્ટમાં થતા હોવાથી ગામડાની પ્રજાને ભારે હાડમારી શહન કરવી પડે છે. માલપુર રોડ પર આવેલા દેના બેંકના એટીએમ તો દેનાબેંકના ગ્રાહકો માટે શોભાના ગાંઠીયા સમાન બની રહ્યુ છે. બેંક ઓફ બરોડાના માલપુર રોડ પર આવેલા એટીએમમાં તો નોટબંધી પછી રૂપિયા જ ભરવામાં આવ્યા ન હોવાની બૂમ ઉઠી છે. જિલ્લાના મુખ્ય શહેરો અને ગ્રામ્ય વિસ્તારોમાં એટીએમ મશીનમાં રૂપિયા ન હોવાથી નાણાંની જરૂરીયાતવાળા ગ્રાહકોએ એક સેન્ટરથી બીજા સેન્ટર સુધી દોડ લગાવી હતી.

અરવલ્લી જિલ્લાના મોટાભાગના એટીએમ મશીનોમાં બેંક સત્તાધીશોવાળા કેશ ન હોવાની અને સર્વર ડાઉન હોવાની જુની પુરાણી કેસેટ વગાડી રૂપિયા ન ભરાતા જિલ્લાવાસીઓ પાસેથી એટીએમના ચાર્જરૂપે બેંકના ગ્રાહકો પાસેથી ખંખેરાતા રૂપિયાનુ એટીએમ મશીનો બંધ રહેતા વળતર ચૂકવવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠી છે. ગ્રાહકની સામાન્ય ભૂલ હોય તો પણ જિલ્લાના બેંક અધિકારીઓ તેમની સામે ઉદ્ધતાઈપૂર્વક વર્તન કરતા હોવાનુ અને એટીએમ મશીનો ખાલી હોવાનુ જણાવતા સીધા સરકારને રજૂઆત કરવાનુ રોકડુ પરખાવી દેવામાં આવતા ગ્રાહકોમાં ઉગ્ર રોષે ફેલાયો છે.




# પ્રાંતિજ વિજકંપની ઘોર નિદ્રામાં

પ્રાંતિજ, તા. ૨૩ સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે લગાવવામાં આવેલ સ્ટેટ લાઈટ એલઈડી લાઈટો આડેધડ લગાવવામાં આવતાં પ્રકાશ દેવતા નારાજ થયાં અને પ્રકાશ ઓછો આવતી હોવાની ફરીયાદો ઉઠવા પામી છે ત્યારે બીજીબાજુ કેટલીક એલઈડી લાઈટો સીધી વિજ કંપનીના વાયરોમાં આપી દેતાં બીલ તો ખરેખર ઓછુ આવશે ત્યારે હાલ તો પ્રાંતિજમાં વિજકંપની પણ કુંભ કરણ નીદ્રામાં હોય તેવું જણાઈ આવે છે.

પ્રાંતિજ ખાતે છેલ્લાં એક અઠવાડિયાથી લગાવવામાં આવેલ એલઈડી લાઈટોને લઈને ચર્ચાઓએ જોર પકડયું છે ત્યારે નગરના લોકો પહેલા કરતાં ઓછો પ્રકાશને લઈને બુમ બરાડા પાડી રહ્યાં છે. ત્યારે બીજીબાજુ સ્ટ્રીટલાઈટો આડેધડ લગાવી દેતા અને જયાં બે પાંજરા હતાં અને ખરેખર ત્યાં જરૂર હતી તેવી જગ્યાએ પણ એક ૧૮ વોલ્ટની માત્ર એક એલઈડી મારી દેતાં રસ્તાઓ અંધકારમય થઈ ગયા છે જયારે કેટલાક વિસ્તારોમાં ૧૮ વોલ્ટની એલઈડી મારી હતી અને ઓછો પ્રકાશની બુમોને લઈને ત્યાં ૩૫ની એલઈડી મારી આપવામાં આવી છે જયારે હાલ તો પ્રકાશ ઓછો થતાં રાત્રીના સમયે તસ્કરોને પણ ફાવતુ મલી જશે અને ચાલવા નિકળવું પણ લોકોને ભારે પડશે ત્યારે બીજીબાજુ એલઈડી લાઈટો ડાયરેકટ વિજકંપનીના લાઈનમાં આપી દેતા બીલ તો ઓછુ આવશે અને પ્રાંતિજ વિજકંપની પણ ઘોર નિદ્રામાં છે ત્યારે જો કોઈ ગરીબ કે કોઈ મધ્યમ વર્ગના વ્યક્તિએ વિજકંપનીના વાયર જોડે છેડછાડ કરી હોય તો તેને ભારે દંડ ફટકારવામાં આવેછે. ત્યારે શું વિજકંપની સત્વરે જાગશે કે કેમ એ તો જોવાનું રહ્યું અને ખરેખર કાર્યવાહી હાથ ધરશે કે કેમ એ તો હવે જોવાનું રહ્યું ત્યારે હાલ તો પ્રાંતિજનું ઝગમગાટ થવાનું સપના ઉપર પાણી ફરી વળ્યું છે ત્યારે ૧૮ વોલ્ટની જગ્યાએ ૩૫ વોલ્ટની એલઈડી નાંખવામા આવે તેવી માંગ ઉઠવા પામી છે.

### પ્રાંતિજ વિજ કંપનીના એન્જિનિયર ગાંધીનુ શું કહેવું છે

જો કોઈ પણ જીઈબીના વાયર સાથે છેડછાડ કરે તો તે દંડને પાત્ર છે પણ અમને સ્ટ્રીટ લાઈટો અંગે જાણ નથી હું આજે જ તપાસ કરાવીશ અને મળી આવશે તો કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.



## ભાજપ શાસિત પાલનપુર પાલિકાના રાજમાં શૌચાલય કૌભાંડ આચરાયું હોવાની રાવ

### ભૂતિયા શૌચાલય બન્યા હોવાની બૂમરાણ : ખુલ્લામાં શૌચ કરનારને સજા કરવાની વાત કરનાર સરકાર કૌભાંડીઓને સજા કરશે ખરા ?

ભાજપ શાસિત પાલનપુર નગર પાલિકાના રાજમાં જ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સ્વચ્છ ભારત અભિયાનના ધજીયા ઉડાવી ખુલ્લેઆમ શૌચાલય કૌભાંડ આચરાયું હોવાની બુમરાણ મચી છે. આ શહેરના જનતાનગરમાં મસમોટું શૌચાલય કૌભાંડ બહાર આવ્યું છે. જેમાં શૌચાલય યોજનામાં ગેરરીતિ આચરવાની સાથે ગરીબો પાસેથી ઉઘરાણું કરવા સહીત ભૂતિયા શૌચાલય બન્યા હોવાની રાવ ઉઠી છે.




જનતાનગર વિસ્તારમાં અંદાજે ૯૩૩ જેટલા શૌચાલય ફાળવાયા હતા. જેમાં અનેક શૌચાલય ભૂતિયા બની ગયા હોવાની બુમરાડ ઉઠી છે. જનતા નગર જેવા ગરીબ વિસ્તારમા સરકાર જાણે જનતાની ઠેકડી ઉડાવી રહી હોય એમ શૌચાલય ફાળવી નગર પાલિકાના સત્તાધીશોએ કૌભાંડ આચર્યું હોવાની બુમરાણ મચી છે. આ શૌચાલય નો કોન્ટ્રેકટ જે કોન્ટ્રેક્ટર ને ફળવાયો હતો. તે કોન્ટ્રેક્ટર દ્વારા ગરીબ લાભાર્થીઓ પાસેથી માલ સામાન લાવવાને બહાને ૨૦૦ થી માંડી ૫૦૦ રૂપિયા સુધી નું ઉઘરાણું કર્યુ છે. જયારે જેમને શૌચાલય ફાળવ્યા છે. એ ગરીબ લાભાર્થીઓને શૌચાલય બનાવી આપ્યાજ નથી અને જે બનાવ્યા છે એમાં ખાળ કુવા બનાવેલ નથી .જો કે, આ વિસ્તાર મા રહેતા લોકો ખુલ્લામા શૌચક્રીયા માટે મજબૂર બન્યા છે.અને લાભાર્થી નગરપાલિકાની તાનશાહી સામે નતમસ્તક છે. આ શૌચાલયો ની રકમ નું ચુકવણું થઈ ગયું છે અને શૌચાલય બન્યા નથી ત્યારે ઘણા સમય પહેલા ૯૫ ટકા સંપૂર્ણ શૌચાલયની જાહેરાત કરનાર નગર પાલિકાના પગતળે રેલો આવ્યો છે. ખુલ્લામા શૌચક્રીયા કરનારને ગુનેગાર સાબિત કરનાર સરકાર હવે આ કૌભાંડીઓને સજા કરશે ખરા??? તે સવાલ સરકારની ઘેર-ઘેર શૌચાલયની યોજનાથી વંચિત લાભાર્થીઓને સતાવી રહ્યો છે.

### અંબાજીના બ્રહ્મપુરી વિસ્તારમાં રહેતાં ગ્રામજનોના

## મકાનનાં દરવાજા આગળ જ ફેંન્સીંગ કરી દેવાઈ

પાલનપુર, તા. ૨૩

યાત્રાધામ અંબાજી ખાતે વર્ષો થી જી.એમ.ડી.સી નું પ્રોજેક્ટ બંધ હાલત માં પડેલું છે. પણ તેનાં સ્થાનિક મેનેજમેન્ટ દ્વારા અંબાજી નાં બ્રહ્મપુરી વિસ્તાર માં રહેતાં લોકો ને આડખીલી રીતે હેરાન પરેશાન કરી દેવાતાં પ્રજા ત્રસ્ત બની છે.

અંબાજી નાં બ્રહ્મપુરી વિસ્તાર જે મહત્તમ જી.એમ.ડી.સી વિસ્તાર તરફ નો ભાગ માનવામાં આવે છે. જ્યાં વર્ષો થી રહેણાંક નાં



મકાનો પણ બની ગયેલાં છે. ત્યારે હવે જી.એમ.ડી.સી નાં સ્થાનિક મેનેજમેન્ટ નાં લોકો દ્વારા બ્રહ્મપુરી વિસ્તાર માં રહેતાં લોકો નાં રહેણાંક વાળા મકાન નાં દરવાજા આગળ જ ફેંન્સીંગ કાટા વાળી વાડ કરી દઈ મોટી હેરાનગતી ઉભી કરી છે.

જ્યાં લોકો ને ઘરમાંથી બહાર નિકળવાં સુધી નો રસ્તો પણ રખાયો નથી. જેનાં પગલેં આ વિસ્તાર માં રહેતાં લોકો ને પાણી નાં ટેન્કર કે ૧૦૮ એમ્બ્યુલંસ ની સેવાં નો લાભ પણ મળી શક્તો નથી. લોકો ને ઘરમાંથી બહાર નિકળવાં લોંખડ નાં તાર પાડી ફેંન્સીંગ વાયર ની વાડ માંથી જ અવરજવર કરવી પડે છે. પરીણામે ત્રસ્ત બનેલાં લોકો આ ત્રાસ માંથી મુક્તી મળે તેવું ઈચ્છી રહ્યા છે.

જ્યારે આ વિસ્તાર નાં ધારાસભ્ય ને પણ રજુઆત કરાતાં ખુદ ધારાસભ્ય કાંતી ખરાડી એ આ વિસ્તાર નાં લોકો ની પરીસ્થીતી જોઈ દંગ રહી ગયા હતા. જેને મનસ્વી પણું ગણાવી લોકો ને રસ્તો આપવાની માંગ કરી હતી. જ્યાં સરકાર લોકો ને પાકા ઘરો આપવાની વાત કરતી હોય ત્યારે જી.એમ.ડી.સી નાં લોકો દ્વારા ઘર આગળ નાં રસ્તા જ બંધ કરી દે છે. તેને દુખ દ બાબત ગણાવી હતી.

## પાટણમાં લોધા સમાજ દ્વારા કાલિકા માતાના મંદિરે નવચંડી હવનનો કાર્યક્રમ યોજાયો



ડીસા, તા. ૨૩ પાટણમાં પ્રાચિન કાલીકા માતાના મંદિરે લોધા સમાજ દ્વારા નવચંડી હવન અને અચરીનો કાર્યક્રમ યોજાયો હતો જેમાં મોટી સંખ્યામાં લોધા સમાજના લોકોએ હાજરી આપી માતાજીના પર્વને દીપાવ્યો હતો.

પાટણ શહેરમાં કાલીકા માતાનું પ્રાચીન મંદિર આવેલુંછે સમગ્ર કાલીકા માતાનુંપ્રાચીન મંદિર આવેલુછે સમગ્ર લોધા સમાજના કુળદેવી એવા કાલીકા માતાના પ્રસંગે લોધા સમાજ અનન્ય શ્રધ્ધા ધરાવે છે. ત્યારે હવન અને અચરીના કાર્યક્રમમાં લોધા સમાજના અગ્રણીઓ અને અન્ય ધર્મ પ્રેમી જનતા હાજરી આપી હતી. આ પ્રસંગને સફળ બનાવવા લોધા સમાજના અગ્રણીઓ અને લોધા યુવક મંડળ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી. જ્ઞાતિજનોએ સાથે સમૂહ ભોજન પણ લીધુ હતું. આયોજક મિત્રોને અમદાવાદ, ઈસનપુરના યુવા અગ્રણી વિજય શીવાલાલ વિરગુધીયા (લોધા) દ્વારા ચાંદીની કાલીકાની મૂર્તિ તમામ આયોજકોને ભેટ આપી હતી. આ પ્રસંગે પાટણ -બનાસકાંઠા અને વિવિધ સ્થળોએ વસતા લોધા સમાજના અગ્રણીઓએ ભાગ લીધો હતો.

## જગાણા પાસે ૨.૨૫ લાખના એરંડાની ચોરી

### ચોકીદારને બાંધીને ચોરીને અંજામ અપાયો હોવાની રાવ

પાલનપુર-અમદાવાદ હાઈવે પર જગાણા નજીક ગતરાત્રે ચોરીની ઘટના ઘટવા પામી હતી. જેમાં એરંડાના ગોડાઉનમાંથી અંદાજે રૂ.૨.૨૫ લાખના એરંડાની ૬૪ બોરીઓ ની ચોરી થઈ હોવાના અહેવાલ સાંપડ્યા છે.

પ્રાપ્ત વિગત મુજબ, વિનીત પ્રિયવદન ભાઈ બારોટએ ગોડાઉન ભાડે રાખેલું છે. જે ગોડાઉનમાં ગતમોડી રાત્રે તસ્કરો ત્રાટકયા હતા. જે તસ્કરોએ ચોકીદારને બાંધી ચોરીને અંજામ આપ્યો હોવાનું કહેવાઈ રહ્યું છે. બે જીપડાલા મા આવેલા બે ઈસમો એરંડા ની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. જોકે, ઘટનાની જાણ થતા પાલનપુર તાલુકા પોલીસે તપાસ હાથ ધરી હતી. અને શકના આધારે ચોકીદારની પૂછપરછ કરી હતી. આમ, પોલીસે આ ચોરીનું પગેરું મેળવવાના ચક્રો ગતિમાન કર્યા છે.

**આ ઘટનામાં જે સિક્યુરિટીના કર્મચારી ફરજ પર હતા એ કંપની પાસે સિક્યુરિટીનું લાઈસન્સ છે કે કેમ ? અને જો લાયસન્સ ન હોય તો આવી બોગસ સિક્યુરિટી કઈ રીતે ચાલે છે ? પોલીસે આવી બોગસ સિક્યુરિટીના સંચાલક સામે કાર્યવાહી કરી કે કેમ ? એફ.આર.આઈ.માં સિક્યુરિટીનો ઉલ્લેખ છે કે કેમ ? તે સવાલો ચર્ચાની એરણે ચડ્યા છે**

## દાંતાના વિરપુર ગામમાં શિક્ષણની પુરતી સુવિધા ઉપલબ્ધ નથી

પાલનપુર, તા. ૨૩ દાંતા તાલુકો મહત્તમ આદીવાસી વિસ્તાર છે અને આદીવાસી લોકો માટે રાજ્ય અને કેન્દ્ર સરકાર દ્વારા કરોડો રૂપીયાની



ગ્રાંટ આદીવાસી લોકોનાં સુખાકારી માટે મંજુર પણ કરાયેલી છે. ત્યારે દાંતા તાલુકાના મહોબત્તગઢ ગૃપ ગ્રામ પંચાયતનાં એક વિરપુર ગામ જ્યાં આજે પણ શિક્ષણની પુરતી સુવિધા ઉપલબ્ધ કરાઈ નથી. પ્રાથમિક શાળા તેમજ આંગણવાડી માટે વર્ષોથી માંગણી કરાઈ રહી છે. પંચાયત દ્વારા અનેક વખત ઠરાવો કરીને પણ ઉચ્ચ કક્ષાએ મોકલવામાં આવ્યા છે. વહીવટીતંત્ર આ ગામને જાણી જોઈને પછાત રાખવાં માગતુ હોય તેમ ગામની સંગર્ભા બહેનોને રસીકરણ માટે પણ પાંચ કિલોમીટર દુર જવુ પડે છે. નાના બાળકોને પ્રાથમિક શાળામાં ૨ થી ૩ કિલોમીટર દુર જવુ પડે છે. તેમાં પણ ચોમાસા દરમીયાન નદીનાળા આવી જતાં ત્યારે શાળા એ પણ જઈ સકાતુ નથી. આજે પણ આ વિરપુર ગામમાં પાંચ વર્ષ સુધીનાં ૪૫ જેટલાં બાળકો છે, સાત જેટલી સગર્ભા બહેનો પણ છે. જો આ ગામમાં માંગણી મુજબની આંગણવાડી શરૂ કરવામાં આવે તો પાંચ વર્ષ સુધીના બાળકોને પોષણક્ષમ આહાર મળી રહે અને સગર્ભા બહેનોને રસીકરણ પણ સ્થાનિક સ્તરે થઈ શકે તેમ છે.